# સરબજીતના અંતિમ સંસ્કાર

## સરબજીતની બહેન દલબીર કૌરે પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં અગ્નિદાહ આપ્યો : પંજાબમાં ત્રણ દિવસનો શોક જાહેર

બીખીવિન્ડ,તા. ૩

પાકિસ્તાની જેલમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યા બાદ થોડાક દિવસ સુધી ગંભીર હાલતમાં સારવાર હેઠળ રહ્યા બાદ મોતને ભેટેલા ભારતીય કેદી સરબજીતસિંહના આજે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. અંતિમસંસ્કારવેળા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. વીઆઈપી લોકોની સાથે સાથે મોટી સંખ્યામાં સામાન્ય લોકો પણ અંતિમસંસ્કારમાં પહોંચ્યા હતા. કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી પણ અંતિમસંસ્કારમાં ઉપસ્થિત રહ્યા હતા. આજે હજારોની સંખ્યામાં ઉપસ્થિત લોકો વચ્ચે સરબજીતની બહેને અગ્નિદાહ આપ્યો હતો. અંતિમસંસ્કારવેળા સરબજીતના પત્નિ સુખપ્રિત કૌર, પુત્રી સ્વપ્રદીપ, પુનમ અને અન્ય સંબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા. દલબીર કૌરની સાથે સ્થાનિક શિરોમણી અકાલીદલના ધારાસભ્ય વિરસાહસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. પાકિસ્તાની હોસ્પિટલમાં સરબજીતના મોત થયા બાદ સરબજીતના મૃતદેહને ગઈકાલે મોડી રાત્રે પંજાબ લાવવામાં આવ્યો હતો. સરબજીત છેલ્લા ૨૩ વર્ષથી પાકિસ્તાની જેલમાં સજા ગાળી રહ્યો હતો. સરબજીતના અંતિમ સંસ્કાર માટેની પ્રક્રિયા બપોરે ૧.૧૫ વાગ્ય શરૂ થઈ હતી. તિરંગા ધ્વજમાં તેના મૃતદેહને લાવવામાં આવ્યો હતો. ફુલોથી સજાવેલા વાનમાં તેના મૃતદેહને પહેલા સરકારી સ્કૂલના મેદાનમાં શ્રદ્ધાંજલિ માટે રાખવામાં આવ્યો હતો. પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ, વિદેશી બાબતોના રાજ્યપ્રધાન પ્રિનિત કૌર પણ ઉપસ્થિત રહ્યા હતા. બાદલે ત્રણ દિવસના રાજ્યમાં શોકની જાહેરાત કરી છે. આ ઉપરાંત પુત્રીઓને સરકારી નોકરી આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

પંજાબના નાયબ મુખ્યમંત્રી સુખબીર બાદલ, રાજ્ય કોંગ્રેસના વડા પ્રતાપસિંહ, નેશનલ એસસી કમિશનના વાઈસ ચેરમેન રાજકુમાર વર્કા, પંજાબના ભાજપ વડા કમલશર્મા અને જુદા જુદા રાજકીય પક્ષોના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતિમસંસ્કાર માટે તેના મૃતદેહને લાવવામાં આવ્યો ત્યારે ભારે ભાવનાશીલ દશ્યો સર્જાયા હતા. અંતિમસંસ્કાર વેળા સરબજીતની પુત્રીઓ અસ્વસ્થ બની ગઈ હતી. પાકિસ્તાન મુર્દાબાદ અને સરબજીત અમર રહે ની ગુંજ જોવા મળી હતી. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અંતિમ સંસ્કારના સ્થળ પર ગોઠવવામાં આવી હતી. અંતિમયાત્રા અંતિમસંસ્કારના સ્થળે ૪૫ મિનિટના ગાળા બાદ પહોંચી હતી. સ્કૂલના મેદાનથી ૪૦૦ મિટરના અંતરે અંતિમ સંસ્કાર સ્થળ છે. બીખીવિન્ડમાં ૧૧૦૦૦ લોકોની વસ્તી છે. અમૃતસરથી આશરે ૩૬ કિલોમીટરના અંતરે આ ગામ આવેલુ છે.





## જમ્મુની બલાવલ જેલમાં પાક કેદી સાનુલ્લા પર હુમલો

જમ્મુ, તા. ૩

જમ્મુની ઉચ્ચ સુરક્ષા ધરાવતી કોટ બલાવલ જેલમાં એક કેદીએ આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા પાકિસ્તાનના કેદી સાનુલ્લા પર શુક્રવારે સવારે હુમલો કરવામાં આવ્યો હતો. તેની સ્થિતિ ગંભીર છે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે હજુ સુધી એ વાતની જાણ થઈ શકી નથી કે ૫૨ વર્ષીય પાક. કેદી પર કેમ હુમલો કરવામાં આવ્યો ? શક્ય છે કે સરબજીતના મૃત્યુનો બદલો લેવા માટે આમ કરવામાં આવ્યું હોય.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે કોટ બલાવલ જેલના વડા રજની સહેગલને જમ્મુ-કાશ્મીર સરકારે સસ્પેન્ડ કરી દીધા છે. રાજ્ય સરકારે આ ઘટનાની તપાસ કરવાનો આદેશ આપી દીધો છે.

સૂત્રોએ જણાવ્યં હતું કે પાકિસ્તાની નિવાસી સાનુલ્લાને સરકારી મેડિકલ કોલેજના હોસ્પિટલમાં બેભાન અવસ્થામાં દાખલ કરવામાં આવ્યો હતો. તેના માથા પર ગંભીર ઈજા પહોંચી છે. તેની પર અત્યંત તીક્ષણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો છે. સાનુલ્લાને ચંદીગઢ સ્થિત પીજીઆઈ હોસ્પિટલમાં મોકલવામાં આવે તેવી શક્યતા છે. કારણ કે તેનો ગ્લાસગો કોમા સ્કેલ (જીસીએસ) ઓછું છે. જીસીએસ ચેતન અવસ્થાને માપવાનું સ્કેલ છે. ખાસ કરીને માથામાં થયેલી ગંભીર ઈજા બાદ દર્દી આંખો ખોલે અને મૌખિક પ્રતિક્રિયા વ્યક્ત કે ઉદ્દિપન પ્રતિક્રિયા વ્યક્ત કરે તેના આધારે માપવામાં આવે છે.

સાનુલ્લાની એપ્રિલ ૧૯૯૯માં આંતકવાદી પ્રવૃત્તી સંબંધી પાંચ કેસોમાં ધરપકડ કરવામાં આવી હતી. પંજાબમાં સરબજીતના અંતિમ સંસ્કાર કરાયા તે અગાઉ આ હુમલો કરવામાં આવ્યો હતો. માછીમારોને બાદ કરતા લગભગ ૨૨૦ પાકિસ્તાની કેદીઓ ભારતીય જેલમાં બંધ છે. આટલી સંખ્યામાં પાકિસ્તાની જેલમાં ભારતીય કેદીઓ છે. પાકિસ્તાની કેદી સાનુલ્લા પર જે કેદીએ હુમલો કર્યો છે તેનું નામ વિનોદસિંહ છે. તે ઉત્તરાખંડનો રહેવાસી છે. વિનોદ ભુતપુર્વ સૈનિક છે અને તેની ઉપર સાથી સૈનિકની હત્યા કરવાનો આરોપ છે. સેના દ્વારા કોર્ટ માર્શલ કરી તેને સેનામાંથી દૂર કરી દેવામાં આવ્યો હતો. વિનોદ પણ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે.

## સરબજીતના શરીરમાંથી ઘણા મહત્વના અંગો ગુમ

અમૃતસર,તા. ૩

ભારતીય તબીબોએ આજે એવો ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો કે જ્યારે તેઓને સરબજીતસિંહનો મૃતદેહ મળ્યો ત્યારે તેમાં શરીરના ઘણા મહત્વના અંગ ગાયબ હતા. પત્રકાર પરિષદને સંબોધતા અમૃતસર મેડિકલ કોલેજના ફોરેન્સિક વિભાગના વડા ડોક્ટર ગુરજીત માને કહ્યુ હતુ કે સરબજીતના મૃતદેહના ગાલબ્લડર, હાર્ટ, બંને કિડની, પેટના ઘણા મહત્વના અંગો ગાયબ હતા. આનો મતલબ એ થયો કે પાકિસ્તાનમાં જ હોસ્પિટલમાં શરીરના અંગો કાઢી લેવામાં આવ્યા હતા. મૃતદેહમાં ઝેર અથવા રોગની સ્થિતિની ખાતરી કરવા માટે હવે જુદા અને ચોક્કસ પ્રકારના ટેક્સ પણ જરૂરી બની ગયા છે. માને વધુમાં કહ્યુ હતુ કે સરબજીતસિંહનું પ્રથમ પોસ્ટ મોર્ટમ પાકિસ્તાનમાં કરાયુ હતુ. લાહોર હોસ્પિટલમાંથી અમને એક પાનામાં દસ્તાવેજ મળ્યો હતો. અમે સરબજીતસિંહ પર બીજુ પોસ્ટમોર્ટમ કર્યુ અને જાણવા મળ્યુ કે માથાના હાડકાના ઘણા બધા ફેક્ચરો હતા. પાકિસ્તાની દસ્તાવેજમાં જણાવવામાં આવ્યુ હતુ કે માથામાં ગંભીર ઈજા થઈ હતી અને હાર્ટએટેકનો હુમલો થયો હતો. અમારું મંતવ્ય પણ આજ છે કારણ કે સરબજીતને ગંભીર માથામાં ઈજા થઈ હતી. થોડાક દિવસમાં અંતિમ ઓટોસ્પી રિપોર્ટ આપવામાં આવશે.

## સેન્સેક્સ ૧૬૦ પોઈન્ટ ઘટી ૧૯૫૭૬ની નીચી સપાટીએ

નવી દિલ્હી,તા. ૩

શેરબજારમાં આજે આરબીઆઈની ક્રેડિટ પોલીસી વચ્ચે ભારે ઉથલપાથલ રહી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૧૬૦ પોઈન્ટ ઘટી ૧૯૫૭૬ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૫ પોઈન્ટ ઘટી ૫૯૪૪ની નીચી સપાટીએ રહ્યો હતો. આરબીઆઈ દ્વારા આજે તેની નાણાંકીય નીતિ સમીક્ષામાં વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો છે પરંતુ સાથે સાથે એમ પણ કહ્યુ હતુ કે વ્યાજદરમાં વધુ ઘટાડો થવાની કોઈ સ્થિતિ નથી. આજે શેરબજારમાં શરૂઆતથી જ આરબીઆઈની નીતિ પર નજર રહી હતી. ૨૦૧૩-૧૪ માટેની તેની નાણાંકીય નીતિ સમીક્ષામાં આરબીઆઈએ એચટીએમ કેટેગરી હેઠળ જાળવી રાખવામાં આવેલી કુલ એસએલઆર સિક્યુરીટી ઉપરની મર્યાદા પર કાપ મૂક્યો હતો. એશિયન બજારમાં મિશ્ર સ્થિતિ જોવા મળી હતી. હોંગકોંગના હેંગસેંગમાં ૦.૧ ટકાનો સુધાર થયો હતો. જ્યારે ચીનના સંઘાઈ કમ્પોઝિટમાં ૧.૨ ટકાનો સુધાર રહ્યો હતો. આવી જ રીતે સિંગાપોરના સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. યુરોપિયન બજારમાં પણ ઉથલપાથલ સાથે કારોબારની શરૂઆત થઈ હતી. ઘરઆંગણે મેટલ, કેપિટલ ગુડ્સ, ટેકનોલોજી, આઈટી જેવા ચાવીરૂપ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી રહી હતી જ્યારે બેંક, રિયલ એસ્ટેટ, ઓટો મોબાઈલ અને પીએસયુ સેક્ટરમાં મંદી રહી હતી. સેન્સેક્સના જે શેરમાં આજે તેજી રહી હતી તેમાં જિંદાલ સ્ટીલમાં ચાર ટકા. હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, તાતા સ્ટીલમાં બે ટકાથી વધુનો સુધારો થયો હતો. જ્યારે સનફાર્માંમાં બે ટકા અને ઈન્ફોસિસમાં એક ટકાનો સુધાર થયો હતો. જે શેરમાં ઘટાડો રહ્યો હતો તેમાં તાતા મોટર્સમાં ચાર ટકાનો ઘટાડો રહ્યો હતો. એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંકમાં ૩.૬ ટકાનો ક્રમશઃ ઘટાડો રહ્યો હતો જ્યારે ગેઈલમાં ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બ્રોડર માર્કેટમાં ઘટાડો રહ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપમાં ૦.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. માર્કેટ બ્રિડથ નકારાત્મક રહી હતી. ૨૩૦૪ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૨૬૭ શેરમાં મંદી રહી હતી.

## ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ માટે આજે ટીમની જાહેરાત થશે

મુંબઈ,તા. ૩

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ૧૫ સભ્યોની ભારતીય ટીમની આવતીકાલે શનિવારે પસંદગી કરવામાં આવનાર છે. જો કે સ્ટાર ખેલાડીઓ યથાવત્ ટીમમાં રહેશે. વિરેન્દ્ર સહેવાગ જેવા કેટલાક હકાલપટ્ટી કરવામાં આવેલા સિનીયર ખેલાડીઓને પસંદગીકારો આગામી મહિનાની અતિ મહત્વપૂર્ણ ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમમાં તક આપશે કે કેમ તે બાબત મહત્વપૂર્ણ રહેશે. વિરેન્દ્ર સહેવાગની અગાઉ પસંદ કરવામાં આવેલી ૩૦ સભ્યોની સંભવિત યાદીમાં પસંદગી કરવામાં આવી ન હતી. છઠ્ઠી એપ્રિલના દિવસે સંભવિતોની યાદીની જાહેરાત કરવામાં આવી હતી. સંદીપ પાટિલના નેતૃત્વમાં પસંદગી પેનલે સંભવિતોની યાદી જાહેર કરી ત્યારે વિરેન્દ્ર સહેવાગ અને હરભજનસિંહની હકાલપટ્ટી કરાઈ હતી. ત્યારબાદથી આ બંને સિનીયર ખેલાડીઓ ઈન્ડિયન પ્રીમીયર લીગમાં સારા ફોર્મમાં ચાલી રહ્યા છે. પસંદગીકારોની તેમના ઉપર નજર પણ રહી છે. આ બંને ટી ટ્વેન્ટી લીગમાં શાનદાર દેખાવ કર્યા બાદ પસંદગીકારોને પ્રભાવિત કરી શકે છે કે કેમ તે બાબત મહત્વપૂર્ણ રહેશે. બ્રિટનમાં છઠ્ઠી જૂનથી ૨૩મી જૂન વચ્ચે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી રમાનાર છે જેના માટે તમામ ટીમો તેમની ૧૫ સભ્યોની ટીમ જાહેર કરી ચૂકી છે. આઈસીસીના નિયમ મુજબ પસંદગીકારો પાસે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રમાનાર વન-ડે ટુર્નામેન્ટ માટે જાહેર કરેલી સંભવિતોની યાદીની બહાર પણ ખેલાડીઓની પસંદગી કરવાનો વિકલ્પ રહે છે જેથી સહેવાગ અને હરભજનની શક્યતા રહેલી છે. આ યાદીમાં ચાર ઓપનીંગ બેટ્સમેન મુરલી વિજય, શિખર ધવન, ગૌતમ ગંભીર, ઉન્મુક ચાંદ રહેલા છે. અંતિમ ૧૫માં ત્રણ ઓપનીંગ બેટ્સમેન પૈકી એક તરીકે સહેવાગની પસંદગી થઈ શકે છે કે કેમ તે બાબત મહત્વની રહેશે. આવી જ રીતે સ્પીનરોમાં પણ પાંચ દાવેદારો છે જેમાં અશ્વિન, અમીત મિશ્રા, રવિન્દ્ર જાડેજા, જલદ શખસેના અને પરવેઝ રસુલનો સમાવેશ થાય છે.

હરભજનસિંહ આઈપીએલમાં ફોર્મ બાદ આમા સ્થાન મેળવી શકશે કે કેમ એ બાબત મહત્વપૂર્ણ રહેશે. ૧૦ મિડીય પેસ બોલરો પણ રહેશે. સાત મીડલ ઓર્ડરના બેટ્સમેન, ચાર વિકેટ કીપરની જાહેરાત થશે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ગ્રૂપ બીની મેચ છઠ્ઠી જૂનના દિવસે રમાશે. ભારત ૧૧મી જૂને વેસ્ટ ઈન્ડિઝ સામે લંડનમાં ઓવલ ખાતે રમશે. જ્યારે ૧૫મી જૂનના દિવસે તેના નજીકના હરીફ પાકિસ્તાન સામે એજબેસ્ટનમાં રમાશે. ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા ગ્રૂપ એમાં છે. ટોચની બે ટીમો દરેક ગ્રૂપમાંથી સેમીફાઈનલમાં પહોંચશે. સેમી ફાઈનલ ૧૯ અને ૨૦મી જૂનના દિવસે રમાશે. જ્યારે ફાઈનલ મેચ ૨૩મી જૂનના દિવસે રમાશે.

## હંગામાને કારણે સંસદની કાર્યવાહી સ્થગિત

કોલસા ફાળવણીના મુદ્દે વડાપ્રધાન મનમોહનસિંહના રાજીનામાની માંગણી પર અડગ રહેલ ભાજપે આજે પણ સંસદની કાર્યવાહી ચાલવા દીધી ન હતી. ભાજપ શિવાય શિરોમણી અકાલી દળ, દ્રમુક અને સપાના સભ્યોએ જુદા-જુદા મુદ્દા પર હંગામો કર્યો હતો.

આ હંગામાને કારણે આખા અઠવાડિયા દરમિયાન બંને ગૃહોમાં પ્રશ્નકાળ થઈ શક્યો ન હતો અને સંસદની કાર્યવાહી સતત સ્થગિત રહી હતી. લોકસભાની કાર્યવાહી બપોરે ૧૨.૦૦ વાગ્યા પછી આખા દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. હંગામાને કારણે રાજ્ય સભામાં પણ પ્રશ્નકાળ થઈ શક્યો ન હતો.

## ભાગી છૂટેલા (પાના નં. ૪ નું ચાલુ)

'વાહ, કમાલ છો! મારા મનને પામ્યા છો?'

રાઘવ સામે નજર સ્થિર કરી બોલી, 'કોઇ જ દુર્ભાવ વિના મદદ કરવા પ્રેરાયા હોવ એના સજ્જન લાગો છો!'

'અનુમાન તો સાચું છે! તમારા અંતરનું દુઃખ કલ્પી ન શક્યો એટલે હકીકત જાણવા પ્રેરાયો. શું નામ આપનું?'

'ગીતા, તમારૂં નામ?'

'રાઘવ!'

'અને જાત?'

'હું પણ નાયક! કેવો યોગાનુયોગ? કુદરતે આપણને ભેગા કર્યા લાગે છે. આમ કયાં જઇશું?'

'નશીબ ખેંચી જાય ત્યાં. તમે કયાં જવાનાં છો?'

'આ ગાડી ના છેલ્લા સ્ટેશને...'

'છેલ્લું સ્ટેશન તો અલબેલી મુંબઇ નગરી છે. ત્યાં કો'ક કામ તો મળી રહેશે. પણ રહેવાનું કયાં?'

'રોટલો મળશે તો કયાંક ઓટલો પણ મળી રહેશે. બેમાંથી એકનું નસીબ તો જોર કરતું હશે ને?'

'મારૂં નસીબ તો ફૂટેલું છે. નાની હતી ને મા મરી ગઇ. જુવાન બાપ નવી મા લઇ આવ્યો. એની ચઢવણીથી બાપનો પ્રેમ ઓસરી ગયો એટલે ઘર છોડી ભાગી છું. મેટ્રિકેય ન પૂરૂં કરી શકી.'

'હું માસ્તરના ત્રાસથી અને ખબર નહિ કેમ પણ ગયા જનમના વેરી બનતા જતા મારા બાપનાં ઉશ્કેરાટભર્યા વેણથી કંટાળી ઘર છોડી ભાગ્યો છું. પ્રેમ તો કદી મેળવ્યો નથી. કદાચ જીવનભર તરસ્યો રહીશ.'

'કેમ, મારામાં વિશ્વાસ નથી?'

'તમે એ તરસ છિપાવશો?'

'કેમ નહિ? કુદરતે તો ભેગા કર્યા છે! હવે તમે તમે છોડી એકવચન વાપરવા માંડો. કોઇ પૂછે તો કહેજો વર-વહુ છીએ!'

'મને પૂરો ઓળખ્યા વિના આટલો જલદી તમારા જીવનમાં ભેળવી દીધો?'

'સાથે રહીશું એટલે ઓળખાણ ગાઢ બનતાં કયાં વાર લાગશે?'

## હૈદરાબાદ અને દિલ્હી વચ્ચે આજે રોમાંચક જંગ થઈ શકે

હૈદરાબાદ,તા. ૩

હૈદરાબાદમાં આવતીકાલે સનરાઈઝ અને દિલ્હી ડેરડેવિલ્સ વચ્ચે રોમાંચક જંગ ખેલાશે. અલબત્ત સનરાઈઝ હૈદરાબાદ ૧૦ મેચોમાં છમાં જીત સાથે ૧૨ પોઈન્ટ ધરાવે છે પરંતુ સનરાઈઝ હૈદરાબાદની ટીમ પોઈન્ટ ટેબલમાં તેની સ્થિતિને મજબૂત કરવા આવતીકાલની મેચ જીતવા પણ પ્રયાસ કરશે. બીજી બાજુ દિલ્હી ડેરડેવિલ્સની ટીમ હવે ધીમેધીમે ફોર્મ મેળવી રહી છે તે જોતા સનરાઈઝ હૈદરાબાદ માટે આવતીકાલે કસોટી થઈ શકે છે. દિલ્હી ડેરડેવિલ્સની ટીમ ૧૦ મેચોમાં ત્રણમાં જીત અને સાતમાં હારનો સામનો કરી ચૂકી છે. તેના પણ છ પોઈન્ટ છે. દિલ્હી ડેરડેવિલ્સમાં વિરેન્દ્ર સહેવાગ અને કુમાર સંગાકારા જેવા સ્ટાર ખેલાડીઓ દેખાઈ રહ્યા છે. બીજી બાજુ સનરાઈઝ હૈદરાબાદની ટીમ પણ મજબૂત દેખાઈ રહી છે. હૈદરાબાદમાં રમાનારી આ મેચને લઈને તમામ તૈયારીઓ આયોજકો દ્વારા કરી લેવામાં આવી છે. એક જ મેચ હોવાથી આ મેચનું પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી મેક્સ ઉપરથી કરવામાં આવશે.

## ૨૬/૧૧ કેસને હાથ ધરનાર પાક પ્રોસીક્યુટરની ક્રૂર હત્યા

ઈસ્લામાબાદ,તા. ૩

૨૬/૧૧ મુંબઈ હુમલા કેસને હાથ ધરનાર પાકિસ્તાની પ્રોસીક્યુટર ચૌધરી જુલ્ફીકારને આજે સવારે ઈસ્લામાબાદમાં ઠાર મારી દેવામાં આવતા ભારે સનસનાટી મચી ગઈ હતી. બેનઝીર ભુટ્ટો હત્યા કેસને પણ ચૌધરી જુલ્ફીકારે જ હાથ ધર્યો હતો. મળેલી માહિતી મુજબ ફેડરલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એફઆઈએ)ના પ્રોસીક્યુટર જુલ્ફીકારને કેટલાક વણઓળખાયેલા શસ્ત્ર હુમલાખોરોએ મોર્નિંગવોક ઉપર જઈ રહ્યા હતા ત્યારે ઠાર મારી દેવામાં આવ્યા હતા. તેમના ઉપર જીવલેણ હુમલો કરીને હુમલાખોરો ફરાર થઈ ગયા હતા.

અગ્રણી પાકિસ્તાની મીડિયા હાઉસે કહ્યું છે કે કેટલાક વણઓળખોલા શખસો બાઈક ઉપર આવ્યા હતા અને ફેડરલ પાટનગરમાં જી/૯માં ચૌધરી જુલ્ફીકાર ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં જુલ્ફીકાર ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને તરત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત થયું હતું. ચૌધરી જુલ્ફીકાર આતંકવાદ વિરોધી કોર્ટમાં પણ ઉપસ્થિત થયા હતા. ચૌધરી જુલ્ફીકાર એક પ્રતિષ્ઠિત પાકિસ્તાની પોસીક્યુટર તરીકે હતા.

જો કે મુંબઈ હુમલા કેસ અને બેનઝીર ભુટ્ટો હત્યા કેસને હાથ ધરતી વેળા વ્યાપક ટીકા ટિપ્પણી પણ થઈ હતી. તેમના મોતના સમાચાર મળતાની સાથે જ ઈસ્લામાબાદમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી. તેમના સમર્થકોએ આને લઈને નારાજગી પણ વ્યક્ત કરી હતી.

## પહેલી વાર 'ગુલાબ ગેંગ'માં જુહી અને માધુરી એકસાથે

મુંબઈ, તા. ૩

બોલિવુડની નંબર વન અભિનેત્રી માધુરી દિક્ષિત અને જુહી ચાવલા લાંબા સમય બાદ ફિલ્મ 'ગુલાબ ગેંગ' દ્વારા મોટા પડદે પુનરાગમન કરશે. એક સમયે માધુરીની કટ્ટર હરીફ રહી ચુકેલી જુહી ચાવલા હવે માધુરીને તેની સાથે કામ કરનારા સર્વશ્રેષ્ઠ કલાકારોમાંની એક ગણાવી રહી છે. ફિલ્મમાં એક સાથે પોતાની કેરિયરની શરૂઆત કરનારી આ બંને અભિનેત્રીઓએ ક્યારેય સાથે કામ કર્યુ ન હતું.

મહિલાઓના ઉત્કર્ષ માટે કાર્ય કરનાર ઉત્તર પ્રદેશની સમ્પત પાલ દ્વારા બનાવાયેલી 'ગુલાબ ગેંગ' પર આધારીત આ ફિલ્મમાં માધુરી મુખ્ય ભુમિકા અને જુહી ચાવલા નકારાત્મક ભુમિકામાં જોવા મળશે. જુહી અને માધુરી પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. માધુરી સાથે ફિલ્મમાં કામ કરવાનું જુહીને ઘણુ સારુ લાગી રહ્યું છે. જુહીએ પોતાની ફિલ્મી કેરિયરની શરૂઆત ૧૯૮૬ની ફિલ્મ 'સલ્તનત્ત'થી કરી હતી. માધુરીએ પહેલીવાર ૧૯૮૪માં ફિલ્મ 'અબોધ'માં કામ કર્યુ હતું. પરંતુ બંનો અભિનોત્રીએ સફળતાનો સ્વાદ ૧૯૮૮માં એક સાથે જ ચાખ્યો હતો. વર્ષોના લાંબા ગાળા બાદ પહેલીવાર અમને એક સાથે કામ કરાવની તક મળી છે.

## સમાચાર ઝલક

- સરબજીતસિંહના રાજકીય સન્માન સાથે અંતિમવિધિ, પંજાબમાં ૩ દિવસ રાજકીય શોક.
- ભડકાઉ ભાષણ બદલ પૂર્વમંત્રી અંબુમણિ રામદોસની ધરપકડ.
- ભારતીય સિનેજગતના ૧૦૦ વર્ષ પૂર્ણ થયા.
- સ્વામિનારાયણ ધર્મનું હાઇટેક સ્વરૂપ.
- ૪૩ ડિગ્રી ગરમી સાથે રાજયમાં ગરમીનો પ્રકોપ જારી.
- નીલગાય રસ્તામાં આવતાં તેને બચાવવાં જતાં ધાનેરા પાસે સ્વિફ્ટ ગાડી પલ્ટી ખાતાં બેનાં મોત.
- જમ્મુમાં પાકિસ્તાની કેદી પર હુમલો, સારવાર હેઠળ.
- વડોદરામાં કુરિયર કંપનીમાંથી ચરસ જપ્ત કરાયું. જમ્મુથી કુરિયર આવ્યું હતું.
- આર.બી.આઇ.ના વ્યાજદરોમાં ઘટાડો રેપોરેટ. ૦.૨૫ ઘટાડો થયો.
- લંડનમાં ગાંધીજીના અંગત સામાનની હરાજી કરાશે.
- વરખડીયા ગામે કેનાલમાં ડૂબવાથી ૩નાં મોત, ગામ શોકગ્રસ્ત.
- ઘરેલું મહિલા હિંસામાં સરકારની ઢીલી નીતિ, હાઇકોર્ટની લપડાક.
- ઇસ્લામાબાદમાં બેનઝીર ભુટ્ટોના વકીલની હત્યા.
- આજે કર્ણાટક વિધાનસભા માટે ચૂંટણી પ્રચાર પડઘમ શાંત.
- ગોતા ગામે ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ.
- સહારા કેસના કેસ પર દેશની તમામ અદાલતોમાં રોક લગાવતી સુપ્રીમ.
- અમરેલીમાં બે જૂથો વચ્ચે અથડામણ, ખાનગી ફાયરીંગ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો.
- બોટાદમાં ડેન્ગ્યુનો કહેર, ૧૫ કેસ નોંધાયા.
- અમદાવાદમાં જાણીતી સ્કૂલમાં પરિણામ સાથે ફી વધારાનો કાગળ પકડાવી દેવાયો!!